Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

સર્વજ્ઞ જિનેશ્વર–ભગવંતોએ કહેલો ધર્મ
મંગળરૂપ છે એજ લોકોત્તમ છે.

*


પુસ્તક : ૮૬ જેઠ આત્મ સંવત ૯૪
અંક : ૮ જુન વીર સંવત ૨૫૧૪
૧૯૮૯ વિક્રમ સંવત ૨૦૪૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રુત સ્થવિર જયવાદ: “સુયથેરજયવાઓ” | પંડિત શ્રી અમૃતલાલ ભોજક સં, પં. પ્રદ્યુમ્નવિજયો ગણી | ૧૧૭ |
| ૨ | સ્નેહ બંધન | શ્રીમતી પ્રવિણા મૂકેશકુમાર શાહ | ૧૨૫ |
| ૩ | આત્મા વિષે થોડુંક | શ્રીમતી મધુબેન નવીનભાઇ શાહ | ૧૩૦ |
| ૪ | સ્વાધ્યાય | સંકલન: હીરાલાલ બી. શાહ | ૧૩૧ |
| ૫ | પંચામૃત | — | ટાઇટલ–૩ |





## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિ શ્રી ચરણવિજયજી મહારાજ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર–સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂા. ૭–૦૦ છે. એક સો પુસ્તિકાઓ રોકડેથી ખરીદનારને ૨૦ ટકા કમીશન આપવામાં આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર–૩૬૪ ૦૦૧



## વાર્ષિક ઉત્સવ

શ્રી જૈન આત્માનંદ સભાનો ૯૩ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર સંવત ૨૦૪૫ના જેઠ સુદ ૮ને તા. ૧૧–૬–૮૯ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજ-ગિરિ ઉપર રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સભ્યોની સંખ્યા સારી હતી.

શ્રી સભાના આવેલ સભ્યોની સવારે સાંજે સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

## આવતો અંક

આત્માનંદ પ્રકાશનો આવતો અંક તા. ૧૬–૮–૮૯ના રોજ બે માસનો સંયુકત અંક તરીકે બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : શ્રી કાંતિલાલ જે. દોશી એમ. એ.

માનદ્દ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] * વિ. સં. ૨૦૪૫ જેઠ-જુન-૮૯ * [ અંક : ૮

पण्डित श्री अमृतलालभोजक रचितः

## ॥ श्रुतस्थविर जयवादः ॥

## ॥ सुयथेरजयवाओ ॥

जंबूविजया जयंतु सया ।

( जंबूबहोंतेरी ) सं-पं. प्रद्युम्नविजयो गणी

जयउ जयजीवकल्लाणकारओ महमई महावीरो ।
वरवद्धमाणणामो समणो भवणासणो भयवं ॥१॥

तह जयउ तस्स परमोवयारकरणेक्कलद्धमाहप्पं ।
सव्वजियरक्खणेणं ताणं वरसासणं रम्मं ॥२॥

वीरवराओ भगवओ दुवालसंगी इ निम्मिया जेहिं ।
तह धारिया य जेहिं ते भयवंता सयाकालं ॥३॥

गणहरसोहम्माई एक्कारस गणहरा तहा अण्णे ।
तप्पट्टपरंपरया जयंतु सुयधारया सव्वे ॥४॥जुम्मं॥

के के सुमरामि अहं अणेयसयवरिसअंतरालम्मि ।
नामग्गाहममेहो जे भयवंता महाभागा ॥५॥

संभूया महरिसिणो महामहा जे य सत्थपारगया ।
पवयणपभावया तह तवस्सिणो देहनिरवेक्खा ॥६॥

निज्जुत्ति-भास-चुण्णी-वित्तिप्पभिईणो णेयगंथा य ।
अंगाइसुयग्गहणे हत्थऽवलंबं करेमाणा ॥७॥

रइया जेहि य सुयथेरभदंतेहिं दंतदेहेहिं ।
अपरिमिउवयारयरा महाजसा ते य भयवंता ॥८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दंसणपभावयाइं सत्थाइँ महत्थयाइँ विविहाइं ।
निज्जूहियाइँ जेहिं महपण्णा ते य भयवंता ॥९॥

आगमहअत्थग्गहणे उवयारकराइँ पयरणाईणि ।
तह य रइयाइँ जेहिं महामुणी ते य सुयथेरा ॥१०॥

धम्मकह-कव्वरूवा णेगा महकाय-लहुयकाया य।
तह गंथा जेहिं कया महमइणो ते य निग्गंथा ॥११॥

थुइ-थोत्ताइं जेहिं तिहुयणनाहेसु भत्तिजयणाइं ।
रइयाइं बिउलाइं ते समणां संतहियया य ? ॥१२॥अट्ठहिं कुलयं॥

उवसत्ता वरवइणो महाणिणाया तहा य अण्णाया ।
सव्वे जयंतु सययं आचंदऽक्कं धरणिवीढे ॥१३॥

अज्जं सिरिविक्कमनिवनामंकियवच्छराओ तीयम्मि ।
वरिससए संभूया जे जे उवयारया संता ॥१४॥

मुणिणो गणिणो पुज्जा पन्नासुवज्झायया य आयरिया ।
तित्थुन्नइ-संघुन्नइ करा य सड्ढुन्नइकरा य ॥१५॥

वरसालहंजियाइं वरतोरणसोरियाइँ तुंगाइं ।
जिणनाहमंदिराइं जाणुवएसप्पभावेणं ॥१६॥

सड्ढेहिं निम्मियाइं तह पोसहसालपभिइभवणाइं ।
वरगंथमंडियाइं च नाणभवणाइं णेगाइं ॥१७॥

सत्तण्हं खेत्ताणं साहम्मिगिहीण सीदयंताणं ।
तह सव्वजीवअणुकंपयाए हेउं भदंतेहिं ॥१८॥

जेहि य सड्ढुन्नइकारयाइं णेगाइं विज्जभवणाइं ।
गाम-नयरेसु निम्मावियाइं ववहारसिक्खत्थं ॥१९॥

एए मुणि-गणि-पन्नासुवज्झाया तह य चेव आयरिया ।
सव्वे जयंतु सययं आचंदउक्कं धरणिवीढे ॥२०॥सत्तहिं कुलयं॥

अह वद्धमाणसमए महाविभूई महातवस्सी य ।
छद्दसणमम्मविऊ जिणआगममम्मविउणो य ॥२१॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विहरंता गुणवंता महइमहाझाणजोगवट्टंता ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥२२॥जुम्मं॥

सिरिविजयसिद्धिसूरीण सिस्सपरिवाडिपत्तमाहप्पा ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥२३॥

देहेण य धम्मेण य मुणिवरसिरिभुवणविजयपुत्ता य ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥२४॥

देहेण य धम्मेण य मणहरसिरिअज्जियाए जे पुत्ता ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥२५॥

जाणं गच्छायरिया महइमहासंतरससमावन्ना ।
गणवच्छल्ला य सिरीभद्दंकरसूरिणो पुज्जा ॥२६॥

विजयंते जयवंता समाहिजुत्ता महापभावा, ते ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥२७॥जुम्मं॥

वायगवरवसहाओ महुवज्झायाओ तिसयवरिसेसुं ।
सिरिजसविजयगणीओ गएसु छप्पन्नया जाया ॥२८॥

जे खलु अणण्णसरिसा ते वइवइणो महाणिणाया य ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥२९॥जुम्मं॥

सर-जुग-नह-ऽच्छि (२०४५)संखे विक्कमनिववच्छरम्मि वट्टं
माघसियपक्खदसमीतिहीएँ बुहवारजुत्ताए ॥३०॥

सिरिसिद्धखेत्तसन्निय'पालीताणा'ऽहि हाणनयरम्मि ।
णेगाऽऽयरियाण तहा चउविहसंघस्स निद्देसं ॥३१॥

अणुमन्नेउं जेहिं अंगीकरियं च पयजुयं सिट्ठं ।
'दंसणपभावय-स्सुयथेर'ऽहिहाणं अकामेहिं ॥३२॥

ते नाणजोगिणो तह अपमत्ता मत्तमाणमयमहणा ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥३३॥चउहिं कलावयं॥

सक्कय-पायय-पाली-तिविहभासाविसारया जे य ।
तह आंग्लभासविउणो विउगणबहुमाणणिज्जा य ॥३४॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

संतिजुया खंत्तिजुया मद्दवगुणभूसिया य ते पुज्जा ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥३५॥जुम्मं॥

अण्णण्णदेसविउसा सिक्खत्थं एंति जाण निस्साए ।
सुमणा समणभदंता जंबूविजया जयंतु सया ॥३६॥

सुयथेराणं एया जयवायपरूवियाओ गाहाओ ।
छत्तीसं रइऊणं भत्तिवसा पेरिओ अहयं ॥३७॥

एत्थं निद्दिट्ठाणं सुयथेराणं विसेसवुत्तंतं ।
सिरिजंबूविजयाणं साहेमि पमोयसंजुत्तो ॥३८॥जुम्मं॥

पन्नाणप्पवरेहिं पुण्णनिहीहिं तहा गुणन्नूहिं ।
आगमपहायरेहि सुय-सीलमहोयहीहिं च ॥३९॥

मज्झ गुरूहिं विक्खायजसेहिं च नाणजोगीहिं ।
आजम्मसत्थसंसोहणेक्कलक्खेहिं पुज्जेहि ॥४०॥

नानादिट्ठिसमन्नयबुद्धीहिं पत्तविस्सकित्तीहिं ।
वइवरविउवरसिरिपुण्णविजयनामेहि थेरेहिं ॥४१॥

छद्दंसणविन्नाणे अणण्णअहिगारिणं मुणेऊणं ।
संसोहण-संपायणकज्जं संखइयं जाण ॥४२॥

समसज्झं सुमहंतं दुवालसअरनयचक्कगंथस्स ।
सिरिमल्लवाइरइयस्सऽच्चंतं दुक्खगाहस्स ॥४३॥

तं अणुमन्नेऊण य जेहि कयं सव्वओ य संपुण्णं ।
संसोहणाइ कज्जं जंबूविजयाण ताण नमो ॥४४॥छहिं कुलयं॥

अण्णं च मे गुरूहिं थेरभदंतेहिं पुण्णविजएहिं ।
वरसंत'पवत्तय'पयभूसियसिरिकंतिविजयाणं ॥४५॥

सिस्साणं विउसाणं समणाणं चतुरविजयनामाणं ।
सिस्सेहिं णेगगंथागाराणुद्धारएहिं च ॥४६॥

निज्जुत्ति-भास-चुण्णी-वित्तिसमेयाण सुत्तगंथाणं ।
सुद्धाएं वायणाए विणिच्छयत्थं समारद्धं ॥४७॥

कज्जं अइसुमहंतं संसोहणरूवयं च समसज्झं ।
चिरकालावेक्खं तह जिणआगमभत्तिजुत्तेहिं ॥४८॥

एयकज्जनिमित्तं अणहिलपुर-खंभतित्थनयरेसुं ।
चिरकालं ठाऊण य गंथा अवलोइया तेहिं ॥४९॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नियगच्छायरियाणं थेराणं विजयवल्लहाणं च ।
तत्तोऽणुन्नं लद्धुं जेसलमेरुम्मि गंतूणं ॥५०॥
अइउग्गविहारेणं तत्थत्थो गंथसंगहो विउलो ।
दुवरिससमयं ठिच्चा निरिक्खिओ नागभत्तीए ॥५१॥सचहिं कुलयं॥
पत्थुयकज्जनिमित्तो मुद्दणविसओ महंतअत्थवओ ।
जो सो पडिवन्नो तह महामणेहिं सुसड्ढेहिं ॥५२॥
सिरिम–महावीरविज्जालयस्स मंतीहिं संघसाहेज्जा ।
इय वायणाए सुद्धी आगमगंथाण आरद्धा ॥५३॥जुम्मं॥
एयम्मिं समयम्मि वयवुड्ढाणं च नाणवुड्ढाण ।
देहऽवसाण जायं मुणिवरसिरिपुण्णविजयाण ॥५४॥
एत्थंतरम्मि कम्हियि समए मुणिपुण्णविजयपुज्जेहिं ।
सेट्ठिवरं सिरिकत्थूरभाइनाम कहियमासी ॥५५॥
सिरिजंबूविजयाणं विउसत्तं तह य चेव साहुत्तं ।
तेणेव निमित्तेण सोयसभाए निवेइयं तु इमं ॥५६॥
सेट्ठीहिं सिरिकत्थूरभाइनामेहिं दीहदंसीहिं ।
सिरिम–महावीरविज्जालयस्स सचालयाण पइं ॥५७॥
" सिरिपुण्णविजयमुणइआरद्धाणं समग्गकज्जा ।
अहिगारिणो अणण्णा जंबूविजया मुणीवरा णं " ॥५८॥चउइ कलावयं॥
एयणुसारेण तओ तेसिं विज्जालयस्स मंतीणं ।
विन्नत्ति मन्नेउं अंगीकरिओ मुणिवरेहिं ॥५९॥
सिरिजंबूविजएहिं संसोहणंपमिइओ समग्गो जे ।
जिणआगमसंबद्धो कज्जभरो नाणइड्ढीहिं ॥६०॥जुम्मं॥
इय नाणकज्जनिरयाण ताण मुणीपुंगवाण थेराणं ।
पुणरुत्तं होउ नमो जंबूविजयाण सयकालं ॥६१॥
एत्थुत्ता मम गुरूणो जयंतु मुणिपुण्णविजयनामाणो ।
जेहिं कया सुद्धीए चिंता पढमं खु सत्थाणं ॥६२॥

'वद्धमाणसंवच्छरसयगे'इइ सेसो ।

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

एयाओ गाहाओ रइउं परमप्पमोयभरमुइओ ।
हरिसाऊरियहियओ भोजककुलओ अहं बाल ॥६॥

सिरिहेमचंद-गिरिधर-मोहनलालण लालणिलज्जो य ।
पप्पोत्त-पोत्त-पुत्तो अणहिलपुरवासओ ठकुरो ॥६४॥

हरकुंवरिसुओ अहुणा अहम्मदाबादनयरकयवासो ।
अमओ य पंचहत्तरिवरिसो सिढिलंगलट्ठीओ ॥६५॥

आगमपहायराण मुणिवइसिरि पुण्णविजयनामाणं ।
गिहिभावठिओ सिस्सो विउजणविणयम्मि वट्टतो ॥६६॥

नियजीवियसाहल्लं वहेमि रोमंचचेंचइयअंगो ।
मण-वइसाहल्लं तह सरीरसाहल्लयं च तहा ॥६७॥पंचहिं कुलयं॥

सर-जुग-नह-ऽच्छि (२०४५)संखे विक्कमसंवच्छरम्मि वट्टंते ।
माघस्त बहुलएक्कारसीए सणिवारजुत्ताए ॥६८॥

नाणीण मेहसीणं जयवायपरूवियाओ एयाओ ।
गाहाओ रइयाओ अमएणं अप्पयसेयत्मं ॥६९॥जुम्मं॥

जयउ सिरिसंघभट्टारओ पयामं विसेसपयरिसओ ।
तित्थयरवंदिओ जो आचंदक्कं धदणीवीढे ॥७०॥

सव्वाणं जीवाणं होउ महामंगलं च महसोक्खं ।
अत्थु सिरी अपमेया सुहंकरा, भारई जयउ ॥७१॥

卐

उवरुत्तवच्छरस्स य फग्गुणमासस्स सुद्धपक्खस्स ।
सोमदिवसजुत्ताए तिहीएँ इ य सत्तमीए ॥१॥

अमएणं अमएणं समप्पिओ एस रायनयराओ ।
आगम्म सिद्धखेत्ते जयवाओ पुज्जहत्थेसु ॥२॥
'थेरभदंतसिरिजंबूविजयहत्थेसु' इइ नेयं ॥

मंगलं महाश्रीः

एतद्रचनाकर्तुः 'अमृत'स्य स्वहस्तोऽयम् ॥
॥ कल्याणमस्तु ॥

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિત શ્રી અમૃતલાલભોજક રચિત

શ્રુતસ્થવિર જયવાદ

# ✱ સુયથેરજયવાઓ ✱

જંબૂવિજયા જયંતુ સયા

( જંબૂમહોતેરી ) સં.-પં. પ્રદ્યુમ્નવિજય ગણી

આ શ્રુતસ્થવિરજયવાદ નામની ૭૨ જેટલી ગાથાની નાની રચના છે. રચના ભાવપૂર્ણ છે. ભાવવાહી છે. તેનો સંક્ષેપમાં પરિચય આવવાનો અહીં ઉપક્રમ છે.

આ સૈકામાં સંસ્કૃત-પ્રાકૃત શ્લોક-ગાથાની રચનાનો પ્રવાહ પાતળો થઈ ગયો છે. વિરલ કહી શકાય તેવો બન્યો છે. ગૂજરાતી પદ્યબદ્ધ રચનાની વાતો પણ ખાસ સાંભળવા મળતી નથી. સર્જનની દિશા જ જાણે દેવાઈ ગઈ હોય તેવું ભાસે છે. વીતેલા ભૂતકાળના નજીકના જ ત્રણ તબક્કા આપણી આંખ સામે તરે છે. વિ.સં. ૧૯૫૦ થી વિ.સં ૨૦૦૦ આ ૫૦ વર્ષમાં સંસ્કૃત–પ્રાકૃત ગ્રન્થોનું સર્જન વ્યાકરણ, સાહિત્ય, સર્જન ન્યાય, આગમ, કર્મગ્રન્થ વગેરે વિષયોમાં વિપુલ પ્રમાણમાં થયેલું મળે છે. તેની પહેલાના ૧૫૦-૨૦૦ વર્ષમાં રાસા સાહિત્ય સ્તવન, છંદ–દુહા, લાવણી, ચોક, બારમાસા, પૂજા, ઢાળીયા વગેરે ગૂજરાતી પદ્યસાહિત્યનો નોંધપાત્ર ફાલ આપણને સાંપડયો છે. અને તેની પહેલા એટલે કે જગદ્ગુરુ શ્રી હીરવિજય-સૂરિજી મહારાજના સમયમાં અષાઢ શ્રાવણમાં જેમ નદી–નાળા–તળાવ–કૂવા બધા પાણીથી ઉભરાવા લાગે તેમ બધાં જ સાહિત્યપ્રકારોમાં સંસ્કૃત, પ્રાકૃત ગૂજરાતી સુદ્ધામાં શતાધિક ગ્રન્થો, રચનાઓ આપણને મળે છે. સર્જન એ એ સમયમાં સહજ–સર્વજનસુલભ જણાય છે.

આજે જયારે આ સર્જકતા રહીસહી બની ગઇ છે ત્યારે પંડિત શ્રી અમૃતલાલ મોહન-લાલ ભોજક આપણી પાસે એક પ્રાકૃત ગાથામય રચના લઇને આવે છે. પ્રાકૃતભાષાના ગણ્યા-ગાંઠયા જે પારગમી વિદ્વાનો આજે છે તેમાં પં. શ્રી અમૃતભાઈનું નામ પહેલી હરોળમાં મૂકી શકાય. પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજના વરદ હાથ નીચે અને સ્નેહ-ભીની નજર સામે તેઓએ પ્રાકૃતભાષાના સંખ્યાબંધ ગ્રન્થોનું સંપાદન સંશોધન કર્યું છે. આજે ઢળતી ઉંમરે પણ કોઈપણ વિદ્યાકીય ચર્ચા–વિચારણામાં તેઓ તમને જુવાન જ લાગે. તેઓ તો ડાયરાના માણસ છે. તેઓ જેટલાં જુના છે તેટલાં આપણાં શ્રી સંઘમાં જાણીતા નથી. પણ તેઓ પાસે પ્રાકૃતભાષાનો અનુભવપૂર્ણ તલાવગાહી વિદ્યાનો વારસો છે. તે આપણી ગૌરવપૂર્ણ પ્રાચીન પરંપરાને જીવંત રાખે છે. તેમણે કરેલા પ્રાકૃત ગ્રન્થોના સંપાદન ઉપર કોઈ ઉડતી નજર ફેરવે તો પણ તેની ઊંડી આગવી સૂઝના અને ઊડીને આંખે વળગે તેવા અત્યન્ત પરિશ્રમના અહોભાવજનક દર્શન થયા વિના નહીં રહે.

આ રચનાનું નિમિત્ત એક ઉત્તમ પ્રસંગ છે. વર્તમાન શ્રીસંઘમાં પૂજ્ય મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી સ્વનામધન્ય, સ્પૃહણીયચરિત મુનિરત્ન શ્રી જંબૂવિજયજી મહારાજને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્યપાદ બાપજી મહારાજના સમુદાયના પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય ભંદ્રકરસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી કેસરિયાજીનગર પાલિતાણામાં પદપ્રદાન થયું. વિ.સં ૨૦૪૫–મહા સુદિ દશમીના શુભદિવસે દર્શનપ્રભાવક અને શ્રુતસ્થવિર એ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. પદવી વગેરેથી યોજનો દૂર રહેવાની ઇચ્છા છતાં શ્રીસંઘની ભક્તિ–લાગણીના કારણે જ તેઓએ પદનો સ્વીકાર કર્યો. આ હર્ષવર્ધક પ્રસંગને, વિદ્યાતપના બહુમાનને હૃદયોલ્લાસથી પ્રમુદિત થઈ વધાવનારાઓમાં પં. શ્રી અમૃતભાઇનો નંબર પહેલો છે. એ વધામણીની સામે તેઓએ પોતાના હૃદયનાં ઉલ્લાસનું ગાન કર્યું છે.

શરૂઆતની ગાથાઓમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજાની સ્તુતિ કરીને સુધર્માસ્વામી ભગવાનથી જે પટ્ટપરંપરા શરૂ થઈ એ પરંપરાના જે અનેક નામી–અનામી જાણીતા અને અજાણ્યા સ્વદેહ પ્રત્યે પણ નિર્મોહી તપસ્વીઓ, નિર્યુક્તિ-ભાષ્ય–ચૂર્ણિ–વૃત્તિ આદિની રચના કરનારા, દર્શનપ્રભાવક ગ્રન્થોની રચના કરનારાથી લઈ સ્તુતિ-સ્તોત્રાદિની પણ રચના કરનારા ગ્રન્થકાર મહર્ષિઓને સંભારી. સાતે ક્ષેત્રને સતત નવપલ્લવિત રાખનારા પ્રભાવસંપન્ન, પ્રાજ્ઞપુરુષોનો જય ઇચ્છયો છે અને એ રીતે એ ભાવની ૨૦ ગાથા પછી મૂળ વિષય ઉપર આવે છે. મુનિરત્ન શ્રી જંબૂવિજયજી મહારાજનો જયવાદ શરુ કરે છે. તેઓના પિતા પુણ્યશ્લોક મુનિ શ્રી ભુવનવિજયજી, માતા ભદ્રમૂર્તિ સાધ્વી ગણશણગાર સાધ્વીજી શ્રી મનહરશ્રીજીનું વર્ણન કર્યું છે. તે પછી પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજની યાદ કરાવે તેવી પ્રજ્ઞા–પ્રતિભાના દર્શન દર્શનપ્રભાવકજીમાં થાય છે તેવો ઉલ્લેખ કરીને અને એ રીતે તેઓના ગુણસમૂહનું ગાન કરતાં–કરતાં છત્રીસ ગાથા સુધી પહોંચીને જાણે સમાપન કરતાં હોય તેમ લાગે છે. પણ વળી હૃદયમાં ભક્તિનો જુવાળ આવે છે અને વળી પંડિતજી પોતાના સ્નેહમૂર્ત્તિ ગુરુ શ્રી પુણ્યવિજયજી મહારાજને સંભારીને જયવાદનો દોર આગળ લંબાવે છે. શ્રી પુણ્યવિજયજી મહારાજ યાદ આવતાં તેમને પ્રવર્ત્તકરત્ન શ્રી કાંતિવિજયજી મહારાજ અને શ્રી પુણ્યવિજયજી મહારાજ જેને ગુરુજી તરીકે સંબોધતાં તે શ્રી ચતુરવિજયજી મહારાજ પણ યાદ આવી જાય છે. શ્રી અમૃતભાઇએ ઠેઠ બાલ્યાવસ્થાથી જ આ શિષ્ય-ગુરુ અને દાદાગુરુની ઉષ્મા અને હૂંફભરી છાયામાં સંશોધનવિદ્યાનો એકડો ઘૂંટયો હતો એટલે એની સ્મૃતિ તો શ્વાસ સાથે જ સંધાયેલી છે. તેઓની વાતોમાં એમના પ્રત્યેના આદર અને કદર તો સતત નીતરતાં જ હોય છે. દ્વાદશાર નયચક્ર જેવા મૂર્ધન્ય ગ્રન્થરત્નનું સંપાદન દર્શનપ્રભાવકજીએ આગમપ્રભાકરજીના નિર્દેશથી જ કરેલું એ વાતનું સ્મરણ કરીને ૬૨ ગાથામાં આ વિષયનું સમાપન કરે છે અને ૬૩ થી ૭૩ ગાથામાં પોતાના પિતા–પ્રપિતા અને પિતામહને તથા માતા હરકુંવરને સંભારે છે. અને ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. ૭૫ વર્ષના પોતે શ્રી સંઘ ભટ્ટારકનો જયવાદ ઇચ્છે છે. અને અન્તે આ જયવાદ અમદાવાદથી પાલીતાણા આવી વિ.સં. ૨૦૪૫ ફાગણ સુદિ સાતમના દિવસે પૂજ્ય શ્રુતસ્થવિર શ્રી જંબૂવિજયજી મહારાજને સ્વહસ્તે અર્પણ કર્યાનો ઉલ્લેખ કરીને નાની આ રચનાને પૂર્ણ કરે છે.

એક પ્રાસંગિક ઘટનાને કવિતામાં મઢીને તેને ચિરંજીવ સ્વરૂપ આપીને પંડિતજીએ ભાવિ ગુણાનુરાગી જીવો માટે પણ અતિ મૂલ્યવાન કાર્ય કર્યું છે. વિદ્વત્ જગત તેઓનું સદા ઋણી રહેશે.

પં. પ્રદ્યુમ્નવિજય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સ્નેહ બંધન"

લે. : શ્રીમતી પ્રવિણા મૂકેશકુમાર શાહ–ભાવનગર

## "મુનિ આર્દ્રકુમાર"

જીવન એક સાધના છે. પરમાત્મા અને આત્માની એકાત્મકતા સાધીને જીવનને સાધ્ય કરવું એ જ જૈન ધર્મનો આદેશ છે. કદાચ જૈન ધર્મમાં જ નહીં પરંતુ સમસ્ત વિશ્વના પ્રત્યેક ધર્મના સંદેશમાં આજ આદેશ અભિપ્રેત છે:

અહિંસા, સંયમ, તપના ઉપદેશ અને આચરણ દ્વારા ધર્મગુરુઓએ ભગવાન મહાવીરના સંદેશને આ ભૌતિકયુગમાં પણ ગુંજતો રાખ્યો છે. આ સંદેશના ગુંજનમાં કથા સાહિત્યનો ફાળો ગણનાપાત્ર છે

કથા કેવળ મનોરંજન નથી, ગમ્મત સાથે જ્ઞાન આપવાનું માત્ર એ એક માધ્યમ નથી પરંતુ કથા સાહિત્ય એ વ્યક્તિના જીવનની સાથે સાથે સંસ્કૃતિ સંસ્કાર અને વ્યક્તિ તથા સમાજજીવનનું એક પ્રતિબિંબ છે આ પ્રતિબિંબ માનવીને આત્માભિમુખ બનવા પ્રેરે છે. નૈતિક મૂલ્યોનું મુલ્યાંકન મુલવવાનું સર્વશ્રેષ્ઠ સર્વસ્વીકૃત એવું કોઇ માધ્યમ હોય તો તે કથા છે.

જૈન કથા સાહિત્યમાં દૃષ્ટિપાત કરતા જણાય છે કે તેમાં અનેક આત્માઓએ સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર્ય અને સમ્યગ્જ્ઞાનની નિર્મળ આરાધના કરી અજન્મા, અને અમર બની ગયા. એમના અનંત સુખ પ્રગટી ગયા. આજ સુધીમાં અનંત આત્માઓ આ રીતે સર્વ દુ:ખોમાંથી અને સર્વ પાપોમાંથી સદા માટે મુક્ત થઇ ગયા એટલું જ નહિ પણ એમણે પોતાના નિમિત્તથી સંભવિત સર્વ દુઃખો અને સર્વ પાપોમાંથી સર્વ જીવોને પણ મુક્ત કરી દીધા અને શાશ્વત નિર્વાણપદ પામી ગયા.

આવું જ શાશ્વત સુખ પ્રાપ્ત કરનાર રાગ અને ત્યાગમાં ઝુલી અંતે ત્યાગ માર્ગે પ્રયાણ કરનાર સ્નેહયોગી આર્દ્રકુમારની કથા જૈન સાહિત્યમાં સુવર્ણ પૃષ્ઠમાં અંકાયેલી છે.

કાળમીંઢ પથ્થરના અસંખ્ય થરને ભેદતા અને ઝરણરૂપ વહેતા નિર્મળ જળના પ્રવાહને કેટકેટલી કઠીન સાધનાઓ કરવી પડી હશે. પાષાણના વજ્ર કઠોર હૈયા વીંધતા એ શુદ્ધ જળબિંદુઓ કેટકેટલીવાર નિરાશ થઈ પાછા વળ્યા હશે! અંતે એકનિષ્ઠ પ્રયત્નના પ્રતાપે આર્દ્રતાએ ચિરવાંછિત વિજય મેળવ્યો અને આસપાસની વેરાન ભૂમિને લીલીછમ બનાવી દીધી.

આર્દ્રકુમારનો જન્મ પણ એવાંજ પ્રતિકૂળ સંયોગોમાં થયો હતો. તેનું હૈયું શ્રદ્ધા અને પવિત્રતાથી ભીંજાયેલું હતું પણ આસપાસ અનાર્યતાના કઠિનમાં કઠિન થર પથરાયેલા પડયા હતા. આર્દ્રકુમારની બળવતી શ્રદ્ધાએ અનાર્યભૂમિમાં પણ રસાર્દ્રતા રેલાવી ભોગ વૈભવની ભૂમિને પોતાના સંસ્કાર બળે વિશ્વ વિખ્યાત બનાવી.

નિમિત્ત તો સામાન્ય હતું. પણ એ નિમિત્તે આર્દ્રકુમારના છુપા ભાવો જગાડયા. મહામંત્રી અભયકુમારે રાજગૃહીમાંથી મોકલેલી એક જિન પ્રતિમા જોતા જ આર્દ્રકુમારના નિર્મળ ચિત્તમાં પૂર્વભવના સંસ્મરણો ઉભરાયા.

પ્રથમ તો આભૂષણની ઇચ્છાએ અભયકુમારે મોકલેલી પેટી ખોલી ત્યાં દેદીપ્યમાન જિનપ્રતિમા દૃષ્ટિ સન્મુખ ખડી થઇ. પ્રથમ તો અનાર્યદેશવાસી કુમારે ભારતવર્ષમાં પહેરાતું આ એકાદ જાતનું આભરણ હશે તેમ માનીને વારંવાર ફેરવી જોઇ અંગ પર પહેરવા પ્રયાસ સેવ્યો પણ એમા સફ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ળતા ન મળી. પછી જ સાચું મનોમંથન શરૂ થયું. પૂર્વે મેં કોઇક સ્થળે જોયું છે એવી તરંગશ્રેણી પ્રવર્તી, ધારણાના નાના પ્રકારો મસ્તિષ્ક પ્રદેશમાં ઝંઝાવાતના વાયરા માફક ઘુમી વળ્યા. આખરે જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થતા જ પોતાનો પૂર્વ ભવ જોયો.

ઘડીભર આર્દ્રકુમાર અનાર્યભૂમિમાંથી જાણે ઉંચકાઇને આર્યભૂમિમાં આવી ગયા હોય અને કોઈ અનેરી સૃષ્ટિમાં વિહરતા હોય તેવું દૃશ્ય નેત્રો સામે જોવા લાગ્યા. તેનો પૂર્વભવ સિનેમાના ચલચિત્રોની માફક તેના ચક્ષુ સમીપ રમી રહ્યો.

આતો વીતરાગ ભગવાનની પ્રતિમા. એ ભગવાને ઉપદેશેલી, આત્માનો ઉદ્ધાર કરનારી પ્રવજ્યા મેં પૂર્વભવે મારી પત્ની સહિત ભાવપૂર્વક સ્વીકારેલી અને સાધુ–સમુદાયમાં રહી મેં વર્ષો સુધી નિરતિચાર પૂર્વક શુદ્ધ જીવન ગાળ્યું તેવી જ રીતે મારી એ ભવની પત્ની બંધુમતીએ પણ પવિત્ર આર્યાઓના સમુદાયમાં રહી સાધ્વી જીવન પસાર કર્યું.

પરંતુ સાધુ જીવનમાં એક ભૂલ થઈ ગઇ અને એ ભૂલે કિનારે આવેલી નૌકાને ભર સમુદ્રમાં ધકેલી દીધી. સંસારના વિષરૂપ સમજીને વિસારી મૂકેલા વિષયોને સાધ્વી જીવનમાં નિષ્કલંક જીવન જીવતી બંધુમતીને જોતા ફરી માણવાના કોડ ઉપજ્યા. મનમા ઉદ્‌ભવેલી આ વાતનો ઇશારો એ પવિત્ર સાધ્વી બંધુમતીને કાને જતા એને વિચાર આવ્યો કે– "જો મુનિ મર્યાદા તોડે તો જગતમાં ઉભુ રહેવાનું સ્થાન જ ન મળે એટલે અનશન દ્વારા પ્રાણનું બલિદાન દઇને "સાધુને પોતાની સાધુતાનો ખ્યાલ કરાવવો." આમ વિચારી તે અનશન કરી કાળધર્મ પામી સ્વર્ગે સિધાવી. પણ મનથી જેણે સાધુવ્રત ખંડિત કરેલું છે એવા હું પાછળ રહ્યો. અને દેખાદેખીથી અનશન કરી સ્વર્ગે ગયા. પણ એ ભૂલના પ્રતાપે એવી ભૂમિમાં ઉપજ્યા કે જ્યાં નથી વીતરાગનો ધર્મ કે નથી તો એ ભવનિસ્તાર કરવામાં સાધનરૂપ ધર્મના ઉપદેશક.

જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવથી ભુલાયેલો ભૂતકાળ નેત્ર આગળ ખડો થયો. રાજવૈભવ, સુખોપભોગ, સાંસારિક ગડમથલ એ બધામાંથી તેનો રસ ઉડી ગયો. તે કલાકોના કલાકો સુધી જિન પ્રતિમાનું ધ્યાન ધરવા લાગ્યા.

આર્દ્રકુમારની આવી ઉદાસીન અવસ્થા અનુભવી તેના પિતાને ધ્રાસકો પડયો. કુમારને કોઈએ ભોળવ્યો હોય અથવા કોઇએ તેની પર કામણ કર્યું હોય એવો વહેમ ગયો. આર્દ્રકુમારને પહેલાની જેમ રસ લેતો કરવા રાજાએ ઘણા ઘણા ઉપાય અજમાવ્યા પણ તેની કંઇ અસર ન થઇ.

અહર્નિશ ચિંતાગ્રસ્ત રહેતો કુમાર છાનોમાનો નાસી ન જાય તે માટે પાંચસો સુભટો તેની આસપાસ પહેરો ભરવા લાગ્યા. પરંતુ જે છુટવા માટે જ જીવે છે તેને કોણ બાંધી શકે! સ્નેહ-વત્સલ પિતાની બધી જ યુક્તિઓ નિષ્ફળ બનાવી આર્દ્રકુમાર એક રાતે છાનોમાનો વહાણમાં ચડી બેઠો અને આર્યભૂમિના કિનારે ઉતર્યો.

એ પવિત્ર ભૂમિ પર પગ મૂકતા જ જાતિ-સ્મરણ જ્ઞાનથી નિરખેલ દૃશ્ય તાજુ થયું. દીક્ષાની લગની બળવત્તર બની. નિરાબાધ સુખ, શાશ્વત્ શાંતિ અથવા પરમપદની પ્રાપ્તિ એજ તેનું પ્રધાન ધ્યેય બન્યું. ત્યાગ, વૈરાગ્ય અને તપશ્ચર્યાના માર્ગે પ્રયાણ કરવા તેનું દિલ વારંવાર પોકારી ઉઠતું. અંતરની ઝંખનાને શાંત કરવા તેણે પોતે જ જૈન મુનિનો વેશ પહેરી લીધો. ચારિત્ર ગ્રહણ વખતે આકાશવાણીમાં સંભળાયું કે–

"કુમાર! તારે દીક્ષા લેવાની વાર છે હજી ભોગાવળી કર્મ બાકી છે માટે ઉતાવળો ન થા"

પણ તેણે કોઇની સલાહ કે સૂચના ન માની પોતાના નિર્ણયમાં આગળ વધ્યા કાયાનું દમન કરતા મનોવિકારને રોધતા આર્દ્રકુમાર આર્યભૂમિમાં વિહરવા લાગ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમય સમયનું કામ કર્યે જ જાય છે. એની ગતિમાં રજ માત્ર સ્ખલન નથી થતું. તેથી જ "અઘટિત ઘટયતિ ઘટ્યાન।" એવી ઉપમા આપવામાં આવી છે. એક દિવસે તેઓ મગધદેશના વસંતપૂર ઉદ્યાનમાં કાયોત્સર્ગ કરી રહ્યા હતા. એટલામાં ત્યાંના શ્રેષ્ઠીની કન્યા શ્રીમતી પોતાની કેટલીક સખીઓ સાથે ક્રીડાર્થે ત્યાં આવી. શ્રીમતી હજી કુંવારી જ હતી સખીઓથી છુટી પડી તે આ ધ્યાનસ્થ મુનિ પાસે આવી દૂરથી આ તપસ્વીની મુખમુદ્રા જોતા પૂર્વરાગ પ્રદીપ્ત થયો. એ એકીટસે ધ્યાનસ્થ મુનિ સામે જોઇ રહી. શ્રીમતીના હૃદયમાં નવીન અંકુરનો પ્રાદુર્ભાવ થયો કે "પરણું તો આ ધ્યાનમગ્ન મુનિને જ" મુનિની કુમારમૂર્તિ તેના માનસપટમાં અંકાઈ ગઈ

આજ સુધીમાં શ્રીમતિએ અનેક મુનિવરોના સ્વાગત કર્યા હતા. તેમના ધર્મોપદેશ સાંભળ્યા હતા. પણ ઉદ્યાનમાં ધ્યાનસ્થ રહેલી આર્દ્રકુમારની મૌન મૂર્તિએ તેને જેવી દીન અને પરવશ બનાવી હતી તેવી દશા તો તેણે પહેલા કોઇવાર અનુભવી ન હતી. યૌવનની ઉદ્દામતાને ચરણ નીચે ચાંપતા ભલભલા તપસ્વીઓને તેણીએ તાપમાં તપતા અને કરમાતા જોયા હતા. આજ સુધી તેના અંતરનો એક તાર પણ નહોતો કંપ્યો. પણ આર્દ્રકુમારમાં એવું શું હતું કે તેને જોતા જ શ્રીમતીના બધા તાર એકી સાથે ઝણઝણી ઉઠયા! શ્રીમતીને મુનિનો વેશ કેવળ આવરણતુલ્ય ભાસ્યો. યુગયુગની આરાધનાનું ધન એ આવરણ પાછળ છુપાયેલું હોય તેમ એને લાગ્યું.

પણ એક મુનિ અબળાની વિનંતી સ્વીકારે એ શું સંભવિત છે...? "નાસ્તિ રાગ સમો રિપુ" પોતાના પર ક્ષણવાર તિરસ્કાર આવ્યો પણ રાગ સામે તેનું કંઇ ના ચાલ્યું. તે આર્દ્રમુનિના ચરણમાં પોતાનું સર્વસ્વ અર્પવા ચાલી નીકળી. વિશુદ્ધ પ્રેમબળ, અર્પણતા એ તેના શસ્ત્ર હતા. મુનિને વરવું એ તેનું ધ્યેય હતું.

આર્દ્રકુમાર હજી કાયોત્સર્ગમાં જ્યાં નાં ત્યાં સ્થિર હતા. આખું ઉપવન એ યોગમાં સૂર મેળવતું હતું પણ એ શાંતિ કે રસૈકયના સંગીતને સાંભળવાની ધીરજ શ્રીમતીમાં ન હતી. મંત્રમુગ્ધની જેમ તે એકદમ આવી મુનિના ચરણમાં ઝુકી પડી. થોડીવારે આર્દ્રકુમારે આંખો ખોલી અને શ્રીમતી સામે નિહાળ્યું. પુણ્યના પરમાણુઓ જ જાણે દેહ ધરી યોગમાર્ગથી ચલિત કરતા હોય એમ ક્ષણવાર લાગ્યું. એક વખતનો રાજવૈભવ યાદ આવ્યો. આર્યભૂમિમાં આવ્યા પછી આવો ઉપસર્ગ થશે એવી તો તેમને કલ્પના પણ ન હતી. તોફાની પવનને લીધે સંયમના સઢ ચિરાતા હોય તેમ લાગ્યું પોતે કેટલા નિર્બળ છે. પ્રતિકૂળ ઉપસર્ગની સામે લડવામાં કેટલા કાયર છે તે સમજાયું. પોતાના બળ ઉપર જ મુસ્તાક રહેનારા યોગી પ્રતિકાર ન કરી શકયા. છુટવાનું મન છતાં પગ પાછો ખેંચી ન શકયા. કહેવાયું છે કે **कान्ता कनक सुत्रेण वेष्टितं सकलं जगत।** ત્યાગની દીક્ષા લેતી વખતે દેવોના નિષેધને ન ગણકારનારા તપસ્વી પોતાની દુર્બળતા જોઈ રહ્યા. પગે પડતી શ્રીમતીનો અનાદર કરવાનું સાહસ તે શી રીતે કરી શકે? તેણે પોતાના બળનો સંચય કરવા માંડયો. શ્રીમતીએ ફરી એકવાર આર્દ્રકુમારની સામે જોવાનો પ્રયત્ન કર્યો. મુનિ પણ જાણે સ્વપ્નની કોઇ સુંદરીને નિહાળતા હોય એમ વિહ્વલ પણે તેની સામે જોઇ રહ્યા. વચનો કરતા પણ એ દષ્ટિમાં અજબ અર્થ હતો. અંતર અંતરને ઉકેલતું હોય ત્યાં શબ્દનું શું ગજુ? પૂર્વભવના યુગયુગના બે સ્નેહીઓ માંડ માંડ એકબીજાને મેળવી શકયા હોય એવી તૃપ્તિ ઉભય આત્માઓએ અનુભવી. સપાટી પરના તોફાન નીચે ગંભીર શાંતિ અને તૃપ્તિ દેખાયા. શ્રીમતીની જેમ આર્દ્રકુમારનો માર્ગ એટલો સરળ ન હતો. એ રાગ અને ત્યાગ વચ્ચે ઝુલવા લાગ્યા. વૈરાગ્ય અને ભોગની વચ્ચે એક મહાસાગર ઘુઘવતો હતો. બળના ઉપાસક માટે બીજા બધા માર્ગ બંધ હતા. આખરે તે શ્રીમતીનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાગ કરી પોતાની સાધના પૂરી કરવા ચાલી નીકળ્યા, સ્નેહનો પરાજય થયો બળનો વિજયધ્વજ ફરક્યો.

અનાદર પામેલી શ્રીમતીએ જરાયે કલ્પાંત ન કર્યું. કંગાળ નારીની જેમ કાલાવાલા પણ ન કર્યા. અર્પણતા એ તેનું ધ્યેય હતું તે મુનિના ચરણે પોતાનું સર્વસ્વ ધરી ચુકી હતી. તેનો સ્વીકાર થાય યા ન થાય એ તેને જોવાનું જ ન હતું. અને સ્નેહનો સ્વીકાર થવો જ જોઈએ એવો આગ્રહ શા સારું? સ્નેહની સાધનામાં નિષ્ફળ નિવડેલી નારી પિતૃગૃહે પાછી ફરી.

એ પ્રસંગ ઉપર બાર બાર વસંતના વાયરા વહી ગયા, પ્રકૃતિએ કંઇ કંઈ નવા સાજ સજ્યા અને ઉતાર્યા. સ્મરણ અને વિસ્મરણના અખંડ પ્રવાહમાં અસંખ્ય પ્રેમ પ્રસંગો ઘડાયા અને પાછા અનંતતામાં ભળી ગયા પણ શ્રીમતીએ પોતાનો આદર્શ ન તજ્યો. સ્નેહમાં દૃઢ આસ્થા રાખી રહી તેની સ્નેહ સાધના અતુટ રહી. વસ્તુમાત્રને જીર્ણ બનાવતો કાળ એ સ્નેહી હૃદય પર પોતાનો પ્રભાવ ન આંકી શક્યો. વ્રતને કાંઈ અવધ ન હોય. ભવોભવના સ્નેહીને બાર વરસ શી વિસાતમાં....?

એક માત્ર આર્દ્રકુમારના દર્શનની વાંછાથી રોજ દાનશાળામાં બેસી દરેક મુનિનું સ્વાગત શ્રીમતી પોતે કરે છે. કોઈ કાળે પણ મુનિઓના સમુદાયમાં આર્દ્રકુમાર આવી ચઢશે એ આશા ઉપર જ તેનું જીવન અવલંબે છે.

એ પરમ આકાંક્ષિત પળ પણ એક દિવસે પાસે આવી પહોંચી. તે દિવસે રોજની જેમ શ્રીમતી મુનિના આગમનની રાહ જોતી બેઠી હતી. પોતાની દૃષ્ટિ વડે ભૂમિને પ્રમર્જતા આર્દ્રકુમાર બહુ જ મંદગતિએ તે જ દાનશાળા તરફ આવતા હતા. કોઇએ કલ્પ્યું નહીં હોય કે દાન લેવા આવતા મુનિ અહીં પોતાના જ આત્માનું દાન આપી સંસારના સ્નેહને અભિનંદશે. બંનેએ પરસ્પરને દૂરથી જોયા અને પિછાન્યા.

શ્રીમતી આજ સુધીના ઐચ્છિક સંયમના પ્રતાપે ઔત્સુકય અને આવેગને પચાવી ચુકી હતી. સ્નેહીની ખાતર ઝુરવામાં જે અનન્ય લ્હાણુ છે તેનો આસ્વાદ લઈ ચુકી હતી. આર્દ્રકુમાર એ માર્ગમાં નવા વિદ્યાર્થી હતા એવું પણ કંઈજ ન હતું. તેમણે પણ ઘણીવાર યોગના આદર્શોનું ચિંતન કરતા વસ્તુતઃ શ્રીમતીનું જ ધ્યાન ધર્યું હતું. ભાગ્યે જ એવી પળ હશે કે જે વખતે તેણે શલ્યની જેમ ખુંચતા એ કાંટાને ઉખેડીને ફેંકી દેવાનો પ્રયત્ન નહી કર્યો હોય. ગમે તેમ પણ તે સામર્થ્યના પુજારી હતા. અને સર્વ રીતે સમર્થ પુરુષ હતા, છતા જે સૌન્દર્ય લાલિત્ય અને સુકુમારતા પાસે સામર્થ્ય પોતે આવીને દીનભાવે આત્મનૈવેદ્ય ધરી જાય ત્યાં આર્દ્રકુમારની બળાત્કાર સાધના નિષ્ફળ નિવડે એમાં શું આશ્ચર્ય!

જે શ્રીમતી એક વખતે ઉદ્યાનમાં આવી પગે પડી હતી અને પંખીને પણ દયા આવે તેમ કરગરી હતી જેનો ત્યાગ કરવામાં આર્દ્રકુમારે પોતાના સામર્થ્યનો વિજય માન્યો હતો તે જ શ્રીમતી પાસે આવી તેમણે પોતાના ચિરસંચિત ત્યાગ, વૈરાગ્ય અને સંયમ સર્વસ્વ ધરી દીધું!!!

શ્રીમતી સહ સંસાર સુખ ભોગવતા કેટલાક વર્ષ વીત્યા ત્યાં એ દંપતીને પુત્ર સુખ જોવાનો યોગ સાંપડયો. સુંદર અંગોપાંગ અને મનોહર મુખાકૃતિવાળા બાળકને બંને હર્ષપુર્વક ઉછેરવા લાગ્યા. એ રીતે સંસાર જન્ય સુખોમાં તલ્લીન બન્યા. પણ આર્દ્રકુમારના અંતરના એક ખુણામાં ફકીરીની ચિરાગ આછી પાતળી સળગતી જ રહી. મોહની જે આંધિએ મુનિના પવિત્ર વેષને ઉતરાવ્યો હતો. એ આપોઆપ ચાહે તો વર્ષોના વહેવાથી કે ચાહે તો અનુભવની ચક્કીમાં પીસાવાથી ગમે તે કારણે એ આંધી ક્ષીણ થવા માંડી. ભોગાવળી કર્મનો ઉદય પૂર્ણ થઈ ગયો હોવાથી તે હવે નામશેષ થવા માંડયું. આર્દ્રકુમારનું પતન એ પવિત્ર આત્માનું કેવળ પદસ્ખલન હતુ પ્રાતઃકાળ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતા સંસારના મનુષ્યો જાગે અને ગઈ કાલના અધુરા કામ બમણા બળથી કરે તેમ આર્દ્રકુમાર પણ ભોગનિદ્રામાંથી જાગૃત થયા, યોગભ્રષ્ટતા તેમને પ્રત્યેક પળે ડંખવા લાગી. શ્રીમતી પણ તેના માર્ગમાં કંટકરૂપ ન રહી પણ બાળક પ્રત્યેનો મોહ આર્દ્રકુમારના યોગમાર્ગમાં ઘડીક અંતરાયરૂપ બન્યો.

એક દિવસ આના જ નિશ્ચયમાં ચર્ચા કરતા કરતા શ્રીમતી એ બાળકને કહ્યું કે, 'તારા પિતા ચાલ્યા જશે' ચાલ્યા જશેનો અર્થ બાળક ન સમજ્યો પણ બાળક એટલું સમજ્યો કે માતા ઉદાસ છે અને માતાને મદદ કરવા તેને બાળોચિત યુક્તિ સુઝી આવી અને સૂતરના તારથી પિતાને બાંધી રાખવાનો ઉપાય અજમાવ્યો.

આર્દ્રકુમારે પોતાના અંગે વીંટળાયેલા આંટા ગણ્યા. બધા મળીને બાર થયા. તાંતણાના એક એક આંટા બદલ એક એક વરસ સંસારમાં રહેવાનો ફરીથી નિશ્ચય કર્યો. એ રીતે કાચા સૂતરના તાંતણે આર્દ્રકુમારને બીજા બાર વરસ સુધી બાંધી રાખ્યા. નિર્મળ સ્નેહના દુર્બળ બંધનોમાં પણ કેટલું સામર્થ્ય હોય છે!

એ બાર વર્ષ પણ પાણીના રેલાની જેમ વીતી ગયા અને એક પુણ્ય મુહૂર્તે આર્દ્રકુમાર સૌની સમ્મતિ લઇ મહાવીરના માર્ગે ચાલી નિકળ્યા.

ગૌશાળા જેવા તર્કવાદીઓ, તાપસો જેવા જડભરતો અને ક્રૂરમાં ક્રૂર લુંટારાઓને પણ આર્દ્રકુમારે પ્રતિબોધી મહાવીરના શાસનનો મહિમા ફેલાવ્યો.

મેઘની જેમ નિરંતર વરસતા અને વાયુની જેમ અપ્રતિબદ્ધપણે વિહરતા આર્દ્રકુમારના ઉગ્ર તપ અને વૈરાગ્ય જોઈ ભલભલા તપસ્વીઓ પણ આશ્ચર્યમુગ્ધ બની જતા. વનમાં પશુપંખીઓ પણ એ ભવ્ય મૂર્તિને નીરખી પોતાના રાગદ્વેષ વીસરતા.

કહેવાયું છે કે "મજબૂતમાં મજબૂત બંધનોને તોડીને ફેંકી દેવા એ કંઈ બહુ દુર્ઘટ નથી, પણ સ્નેહના કાચા સૂતરના તાંતણા છેદીને બહાર નીકળવું એ જ ખરેખરૂ દુર્ઘટ છે." આર્દ્રકુમારે તે પણ કરી બતાવ્યું. સર્વ પાપપુંજને બાળી–ભસ્મીભૂત કરી કેવળજ્ઞાન પામી અંતે મુક્તિને વર્યા.

આવા મહાયોગીને કોટિ કોટિ વંદન.

# પુસ્તક પ્રકાશન અંગે

પ. પૂ. મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮–૯ના પુસ્તકનું સંપાદન કરવાના છે શ્રી જૈન આત્માનંદ સભા તે પુસ્તકનું પ્રકાશન કરશે. તે અંગેના કામકાજ માટે નીચેના સભ્યોની પેટા કમિટિ નીમવામાં આવી છે.

૧ શેઠશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાલા
૨ શેઠશ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
૩ શેઠશ્રી નગીનદાસ હરજીવનદાસ

# સ્વર્ગવાસ નોંધ

શ્રી અનંતરાય હરીલાલ શેઠ (ઉ.વ. ૫૮) તા. ૫–૬–૮૯ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા વિષે થોડુંક

લેખિકા :- શ્રીમતી મધુબેન નવીનભાઈ શાહ-ભાવનગર

**આ**ત્મા વસ્તુનો કર્તા નહિ પણ દૃષ્ટા સાક્ષી રૂપે છે, આત્મ સ્વરૂપમાં વીંટાઇ જવું. એકાકાર થવું તે સાચું વ્રત છે. આત્મ સ્વરૂપમાં એકાગ્રતા થવી તે સાચું તપ છે. અને આત્મ સ્વરૂપમાં વસવું તે સાચો ઉપવાસ છે. છેલ્લે આત્મ સ્વરૂપમાં સમભાવે સ્થિર રહેવું તે સાચી સામાયિક છે.

દૃશ્યને અદૃશ્ય કરવું અને અદૃશ્યને દૃશ્ય કરવું તે જ દિવ્ય દૃષ્ટિ છે. આ દિવ્ય દૃષ્ટિથી આપણે આત્મામાં સ્થિર થવું જોઇએ.

આત્મા વિષે વિચાર કરતાં મેં શું કર્યું ? મારે શું કરવાનું બાકી છે? અને મારે કરવા યોગ્ય કયું તપ હું કરતો નથી તે પ્રમાણે પ્રાતઃકાળે જાગી પ્રતિલેખના કરવી તે આત્મસ્વરૂપ સમજવાની ચાવી છે.

મહાન્ આત્માઓ શરીર–દેહ બે કારણને લઈ ને ધારણ કરે છે.

(૧) સંચીત કર્મો ભોગવવા માટે અને (૨) જીવોના કલ્યાણ અર્થે,

સિદ્ધક્ષેત્ર અથવા જીવનું પોતાના સ્વરૂપમાં રહેવું તેને વિષે ગમન કરવું તે નિર્માણ ગમન કહેવાય છે

પરમતીર્થ એટલે પોતાનુંજ શુદ્ધ મન છે હું વિશુદ્ધ જ્ઞાન સ્વરૂપ આત્મ દ્રવ્ય છું અને ઉત્કૃષ્ટ વચન (પ્રવચન) જિનવચન, જિનાગમ, જિન સિદ્ધાંતમાં અતિશય સ્વસ્થ રહેવું તેને પરમાનંદ કહેવાય છે.

આ મનુષ્ય ક્ષેત્રરૂપી પૃથ્વીને વિષે જીવ શુકલ ધ્યાનરૂપ અગ્નિવડે કર્મરૂપી ઇંધણને બાળીને સુંદર એવા સદ્બ્રહ્મ પદથી શાસ્ત્રમાં ગાએલા એવા પરમપદને પામે છે.

ચિત્તને આત્મામાં એકાગ્રપણે સ્થાપીને અશુભ-ચિત્ત વૃત્તિઓનો નિરોધ કરવો તે ઉત્તમ સાધન છે. ચિરકાળથી દૃઢ થયેલા અવિદ્યાના સંસ્કારોને કારણે ચિત્ત આત્મ તત્ત્વથી દૂર રહે છે. પરંતુ તેજ ચિત્ત જ્ઞાનથી વાસિત થતાં દ્રવ્ય મુદ્રામાં રહેલ આત્મ દ્રવ્યને જુવે છે.

આપણે ચારરૂપે સ્વહૃદયમાં આત્મચિંતન ચિંતવવું જોઈએ.

(૧) નામદેવ :– મહાવીર. ઋષભદેવ એવું નામ લેવું તે નામ જીન.

(૨) સ્થાપના દેવ :– મહાવીર સ્વામીની મૂર્તિ તે સ્થાપના જીન.

(૩) દ્રવ્ય દેવ :– તીર્થંકર નામકર્મ નિકાચીત કરે ત્યારથી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી દ્રવ્ય જીન.

(૪) ભાવ દેવ :– સમોવસરણમાં દેશના આપતા ભાવજીન કહેવાય છે.

સાચવવા જેવા આત્માનેજ સમ્યક પ્રકારે સાચવીનેજ પરમાત્મા બની શકાય છે. આ આત્માને સાચવવા માટે મનને અંકુશમાં લેવું જોઈએ. મનને અંકુશમાં લેવાનો ઉપાય “ નમો ” છે જેમકે નમો અરિહંતાણં–હું શ્રી અરિહંતનો ભક્ત છું, તેમ ૧૦૮ વાર બોલવું. આમ મન જ્યારે પોતાનું મટીને શ્રી અરિહંત પરમાત્માનું બને છે ત્યારેજ આત્મા હાથમાં આવે છે.

છેલ્લે હે આત્મન્, પરમેશ્વરથી જુદા જુદા ભાવો માટે, શા માટે શ્રમ કર્મો કરે છે? જો તું, આત્માને થોડોક પ્રસન્ન કરે તો સંપત્તીઓ તો

(અનુસંધાન પાના નં. ૧૩૨ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સ્વાધ્યાય"

સંકલન : શ્રી હીરાલાલ બી. શાહ

જીવનયાત્રામાં ભોજન અને પાણીની માફક સ્વાધ્યાયને પણ એક અનિવાર્ય કાર્ય માનવામાં આવે છે. જીવન જીવવા માટે ખોરાક અને પાણી અને સત્શાસ્ત્રની જરૂર પડે છે. ખોરાક અને પાણી આપણને જીવન આપે છે જ્યારે સત્શાસ્ત્રનો સ્વાધ્યાય આપણને જીવન જીવવાની કળા આપે છે. સ્વાધ્યાયમાં વ્યવહારમાં ઉપયોગી થાય તેવા સારા પુસ્તકોનો જ ઉપયોગ કરવો જોઇએ.

સ્વાધ્યાય ચિંતામુક્ત થવા માટેની એક જડીબુટ્ટી છે. જ્યારે આપણું મન ઉદાસ બની જાય છે. મન આકુળતાથી ઘેરાઇ ગયું હોય છે. મન મૂંઝાતુ અને ક્ષોભ અનુભવતું હોય છે, વિઘ્નો અને વિપત્તિઓથી મન ચિંતાયુક્ત હોય ત્યારે મનને બધી બાજુએથી હટાવીને સ્વાધ્યાયમાં જોડી દો. સ્વાધ્યાયની આંધી તમારા મનને બધી જ ચિંતાઓથી મુક્ત કરી દેશે. મનમાં કોઇ સદ્‌વિચારનું ચિંતન ચાલતું હોય તેની શુભ લાગણી ઉત્પન્ન થશે.

છ પ્રકારના અભ્યંતર તપમાં સ્વાધ્યાય એક પ્રકારનો અભ્યંતર તપ છે. સ્વાધ્યાય દ્વારા માનવી અનેક જન્મોના સંચિત કરેલા કર્મોને નષ્ટ કરી નાખે છે. સ્વાધ્યાય વખતે મનને છળકપટ વિહીન નિશ્ચલ બનાવવું પડે છે. સ્વાધ્યાયથી ચિત્તમાં એકાગ્રતા, નિઃસ્પૃહતા અને શાંતિ આવે છે.

સ્વાધ્યાય એ શ્રુત-ધર્મ છે. સ્વાધ્યાયથી આપણું જ્ઞાન અને દર્શન નિર્મળ બને છે. અને ચારિત્રનો વિકાસ થાય છે. સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. (૧) વાચના :- વાચનાથી સ્વાધ્યાયની શરૂઆત થાય છે. ગુરુદેવ પાસેથી પાઠ લેવા, અને વાંચવો તેને વાંચના કહેવાય છે. (૨) પ્રતિપૃચ્છા :- વાંચના પછી શંકા થઈ હોય અથવા ભુલાઈ ગયું હોય તે અંગે પ્રશ્ન કરવો તેને પ્રતિપૃચ્છા કહેવાય છે. (૩) પરિવર્તના :- વાંચી લીધેલા પાઠને ફરીથી વાંચવો તેને પરિવર્તના કહેવાય છે. (૪) અનુપ્રેક્ષા :- વાંચેલા પાઠને ગંભીરતાથી અને ઊંડાણથી વિચારવો અને તેનું ચિંતન અને મનન કરવું તેને અનુપ્રેક્ષા કહેવાય છે. (૫) ધર્મકથા :- તે પાઠને વિચાર્યા પછી કોઇ બીજાને તે પાઠ આપવો અથવા તેનો ઉપદેશ આપવો તેને ધર્મકથારૂપ સ્વાધ્યાય કહેવાય છે.

શાસ્ત્રોનું શિક્ષણ આપણે પાંચ કારણો માટે લેવું જોઇએ. (૧) જ્ઞાનની વૃદ્ધિ માટે :- જીવ અને અજીવ દ્રવ્યોનું જ્ઞાન મેળવવા માટે (૨) દર્શન વૃદ્ધિ માટે :- વીતરાગ સર્વજ્ઞની વાણીમાં પોતાની શ્રદ્ધા કાયમ માટે સ્થિર કરવા (૩) ચારિત્ર વૃદ્ધિ માટે :- આચરણમાં શુદ્ધિ લાવવા માટે (૪) કષાયોનું શમન કરવા માટે :- ક્રોધ, માન, માયા, લોભ અને રાગ, દ્વેષ પાતળા કરવા માટે (૫) પદાર્થોનું યથાર્થ જ્ઞાન કરવા માટે :- ધર્મ અને અધર્મ, સત્કર્મ અને દુષ્કર્મ, પુણ્ય અને પાપ, વગેરે બાબતોનું યથાર્થ જ્ઞાન શાસ્ત્રોના શિક્ષણથી થાય છે શાસ્ત્રોનું શિક્ષણ મેળવવું અને તેનો સ્વાધ્યાય કરવો આપણા પોતાના ઉદ્ધાર માટે પરમ આવશ્યક છે.

આવી રહેલો કાળ ખૂબ જ વિચિત્ર છે. આવી રહેલા યુગમાં તમારે સમાજને ઉન્નત કરવો હોય તો સ્વાધ્યાયના સંસ્કાર દરેક દરેક ઘરમાં શરૂ કરો. તમારા બાળકોને દરરોજ પાઠશાળામાં ભણવા મોકલીને સ્વાધ્યાયનાં સંસ્કાર રોપો. તમે પોતે નિયમીત ધાર્મીક પુસ્તકો વાંચીને સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થાઓ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાળક હોય કે વૃદ્ધ, યુવક હોય કે યુવતી, તવંગર હોય કે ગરીબ સૌએ નિત્ય નિયમ રૂપે ધાર્મીક પુસ્તકો વાંચીને સ્વાધ્યાયને પોતાની દિન ચર્યાનો એક નિયમ બનાવો. દરેકે દરેક ઘરમાં પોતાની યથાશક્તિ પ્રમાણે ધાર્મિક પુસ્તકો વસાવો અને દરરોજ નિયમીત તેનું વાંચન શરૂ કરો અને સ્વાધ્યાય કરો. આજે લગભગ ઘેર ઘેર મનમેળ રહેતો નથી. માનસિક ટેન્શન રહે છે, અનીંદ્રા રહે છે તે બધી વિકૃતિઓનો એક જ સચોટ ઉપાય છે ધાર્મિક પુસ્તકોનું વાંચન અને સ્વાધ્યાય. સ્વાધ્યાયથી આલોકમાં અને પરલોકમાં આપણાં આત્માનું કલ્યાણ થાય છે.

જય જિનેન્દ્ર

(અનુસંધાન પાના નં. ૧૨૯નું ચાલુ)

શી વિસાતમાં છે? તારા પરમ તેજની અંદરના વિશાળ સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે

મોક્ષમાં રહેલા એવા જિન પરમાત્માના સ્વરૂપ સાથે જોડાયેલો જે યોગ તે નિરાલંબન યોગ કહેવાય છે. હવે યોગ—એટલે મનયોગ, વચનયોગ, કાયયોગ, જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યનું આ મામાંજ રમમાણ એટલે કે આત્માનું આત્મામાં (ખુદનું ખુદમાં) મિલન.


# શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી જૂદા જૂદા ફંડ દ્વારા અપાતી લોન-સ્કોલરશીપ

## (૪) શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કોલરશીપ ફંડ

માધ્યમિક શાળાના ધોરણ ૮ થી ૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ માટે અરજી પત્રકો ભરીને મોડામાં મોડું સંસ્થાના સરનામે તા. ૩૦-૬-૧૯૮૯ સુધીમાં મોકલવા.

## (૪) શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ

એસ. એસ. સી. પરીક્ષામાં બીજી ભાષા સંસ્કૃત હોય, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની ધર્મિક પરીક્ષા પસાર કરવાની શરતે, કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ માટે અરજી પત્રકો ભરીને મોડામાં મોડું સંસ્થાના સરનામે તા. ૩૦-૬-૧૯૮૯ સુધીમાં મોકલવા.

## (૪) શ્રી ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લોન-સ્કોલરશીપ ફંડ

ગામ ખેડાના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને એસ. એસ. સી. પછીના ઉચ્ચ અભ્યાસના ઉત્તેજનાર્થે લોન રૂપે સહાય આપવામાં આવે છે. અરજી પત્રકો ભરીને મોડામાં મોડું સંસ્થાના સરનામે તા. ૨૧-૮-૮૯ સુધીમાં મોકલવા.

અરજી પત્રક મંગાવતી વખતે કયા ફંડનું અરજીપત્રક જોઈએ છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરવો. દરેક ફંડ માટે અલગ અલગ અરજીપત્રક ભરવાનું છે.

ઉપરોક્ત દરેક ફંડના અરજી પત્રકો મેળવવાનું અને મોકલવાનું સ્થળ :

શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ—૪૦૦ ૦૩૬




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "પંચામૃત"

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની ઉપદેશધારાની અમૃત કણિકાઓ

સંગ્રા. ભાનુમતી દલાલ

(૧) આત્મા અનાદિ છે :- આત્મા અનાદિ છે, તેમજ અનંત છે, આત્માની ઉત્પત્તિ પણ નથી અને મરણ પણ નથી આત્મા ત્રણેયકાળમાં શાશ્વત છે.

(૨) આત્માના ગુણો :- પ્રત્યેક આત્માના મૂલ સ્વરૂપમાં અનંતજ્ઞાન- અનંતદર્શન- અનંત ચારિત્ર અને અનંત વીર્યના ગુણો રહેલા છે.

(૩) આત્માનો સ્વભાવ :- કર્મનો બંધ કરવો, બાંધેલા કર્મોના ફળને ભોગવવા અને એ કર્મ ફળો ભોગવવા માટે ચોરાશી લાખ જીવયોનિમાં વારંવાર પરિભ્રમણ કરવું, તત્ત્વદૃષ્ટિએ આત્માનો આ સ્વભાવ નથી. પરંતુ વિશ્વના સર્વભાવો જાણવા, જોવા અને પોતાના સ્વરૂપમાં રહેવું એજ મૂલ સ્વભાવ છે.

(૪) આત્માનું સ્વરૂપ :- પાણીની સપાટી ઉપર રહેવું પણ તળીએ ન જવું એ જેમ તુંબડીનો સ્વભાવ છે. તેમ વિશ્વના અગ્રભાગે સિદ્ધશિલા ઉપરના ભાગમાં રહેવું અને પોતાના અનંત સ્વરૂપનું અનંત સુખ અનંતકાળ પર્યંત ભોગવવું એજ આત્માનું યથાર્થ સ્વરૂપ છે.

(૫) સાચું સુખ :- સોનાની સાંકળી, મોતીની માળા, અને હીરાના હાર ભલે ન હોય, સાત અથવા સિત્તેર માળની હવેલી અને તેમાં સુવર્ણનો હિંચકો ભલે ન હોય પણ આત્માનો પોતાનો જ્ઞાન, દર્શન અને ચારિત્રનો અક્ષય ખજાનો જ્યાં વિદ્યમાન હોય ત્યાં જ સાચું સુખ છે.

[પૂ૦ આ૦ શ્રી વિજયધર્મસૂરિજી લિખીત પુસ્તિકામાંથી સાભાર]

(૬) પ્રભુ મહાવીરની સમદૃષ્ટિ :-

पन्नगे च सुरेन्द्रे च कौशिके पादसंस्पृशि ।
निर्विशेष - मनस्काय श्री वीरस्वामिने नमः ॥

ચંડકૌશિકે દ્વેષબુદ્ધિથી પગના અંગુઠામાં ડંખ દીધો અને ઇન્દ્રમહારાજાએ ભક્તિભાવથી ચરણમાં નમસ્કાર કર્યો, આમ પરસ્પર વિરોધી બંને પ્રસંગો છતાં જેમના મન અને કાયા જરાએ અસ્વસ્થ ન બન્યા અર્થાત ચંડકૌશિક નાગ ઉપર ન તો રોષ કર્યો અને ઇન્દ્ર ઉપર ન તો પ્રસન્ન થયા. બન્ને પ્રસંગોમાં જેઓ સમાન ભાવે રહ્યા એવા વીતરાગ શ્રી વીરપ્રભુને નમસ્કાર હોજો.

[યોગશાસ્ત્રમાંથી]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. No. 31

# તિરસ્કાર નાશક નમસ્કાર

પૂ૦ પં૦ શ્રી ભદ્રંકરવિજયજી

નમસ્કાર એકબીજાનો પરિચય પ્રાપ્ત કરવાનું પરમ સાધન છે.

એકબીજાનું ઉચિત સન્માન કરવું તે શાસ્ત્રોક્ત કર્તવ્ય છે.

નમસ્કાર બીનજરૂરી છે, અનાવશ્યક છે, એમ માનનાર અવિચારક છે, તે હૃદયની દરિદ્રતાને સૂચવે છે, પોતાનામાં રહેલી શ્રેષ્ઠતાની ખામીને સૂચવે છે.

ગુરૂજનને નમસ્કાર કરવામાં અપમાન, હીનતા કે નાનાપણું નથી. શ્રેષ્ઠ પુરૂષ જ બીજાને પોતાથી શ્રેષ્ઠ માનીને નમસ્કાર કરે છે અને એમાંજ મોટપ રહેલી છે.

ધર્મ શાસ્ત્રો કહે છે કે— મહાપુરૂષોના ચરણોમાં એક દિવ્ય આત્મશક્તિ પ્રવાહિત હોય છે. તે નમસ્કાર કરનારને અતિ લાભપ્રદ અને પુણ્યપ્રદ નીવડે છે- એ કારણે ગુરૂજનનો નમસ્કાર, માનવ જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય મનાય છે.

જીવ દ્રવ્યના તિરસ્કાર રૂપી ઝેરને સમગ્ર મનમાંથી નિચોવી નાંખવાનું અદ્વિતીય સાધન નમસ્કાર છે.

તિરસ્કાર કરવાથી, તિરસ્કાર કરનાર સ્વયં તિરસ્કૃત થાય છે. અર્થાત્ આપમેળે આત્મભાવથી ભ્રષ્ટ થાય છે. જ્ઞેય પદાર્થોનો તિરસ્કાર એટલે જ્ઞાનસ્વરૂપ પોતાના આત્માનો જ પરિણામે તિરસ્કાર છે.

જ્યારે વિવેકપૂર્વકના નમસ્કારથી, નમસ્કાર કરનારમાં આત્મભાવ પ્રગટે છે. આત્મપ્રીતિ પ્રગટે છે.

બીજા પ્રત્યેની કઠોરતાનું નમસ્કાર દ્વારા કોમળતામાં રૂપાંતર થાય છે, તેથી પરસ્પર વચ્ચે સાચી નીકટતા સધાય છે.

બત્રીસે દાંત કઠોર છે, તીક્ષ્ણ છે, તે બધાંની વચ્ચે એક જીભ, દીર્ઘકાળ સુધી હેમખેમ રહી શકે છે, તેનું કારણ તેની સ્વાભાવિક કોમળતા છે. મૃદુતા છે. તેમ નમસ્કાર નિષ્ઠ આત્મા પણ આ સંસારમાં કોઈ જીવને ખેદ પમાડ્યા સિવાય ધર્મ ધ્યાનાદિમાં સ્વસ્થ રહી શકે છે.



તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only